# ગાંધીનગરના શહેરી સ્થાનોમાં ‘ઘર-મકાન’નો રહેણાંક ઉપરાંત વ્યવસાયી ઉપયોગ વધુ

ગાંધીનગર એટલે જ્યારે નગરની વાત કરીએ અને એમાં પણ શહેરી વિસ્તારની વાત કરીએ ત્યારે વસાવવામાં આવેલું શહેર છે. જ્યારે વહિવટી નગર કે પાટનગર તરીકે ગાંધીનગર બનાવવામાં આવ્યું ત્યારે સ્વાભાવિક છે કે સચિવાલય, વિધાનસભા સાથે અન્ય ધંધા રોજગારાર્થીઓ પણ અહીં વસે. આપણે જ્યારે નગર અને સમાજ અને એને આધારે નગર સમાજશાસ્ત્રની વાત વિચારીએ છીએ ત્યારે




એક બાબત જોવા જેવી છે. જ્યાં જ્યાં ઉદ્યોગીકરણ હોય ત્યાં ત્યાં નગરીકરણ જોવા મળે છે અને જ્યાં જ્યાં નગરીકરણ સ્વીકૃત થાય ત્યાં ગંદા વસવાટો, ઝુંપડપટ્ટી (જીન્સ્જી) ઉભી થાય છે. આ કેમ ઉભી થાય છે ? એના અમલદાર તંત્રના માટે સવાલો જુદા હોય છે પરંતુ સમાજશાસ્ત્રીય દ્દષ્ટિએ કારણ સ્પષ્ટ હોય છે. નગર એટલે પ્રત્યેક ચો. કિ.મી. દીઠ વસ્તીની ઘનતા વધારે. આ વસતી વસ્તીને તેના રોજબરોજના ઘરકામ અને બાહ્ય કામો માટે અન્ય માણસો ઉપર અવલંબિત રહેવું પડે છે. જેમ કે ઘરના કચરા, પોતા, વાસણ-કપડાં ધોવા જેવા કામો અને બાહ્ય કામો એટલે બિલ્ડીંગના ચોકીદાર, સિક્યોરિટી, વાહનોની સાફસફાઈ કરવી વગેરે કામો માટે જરૂરીયાત ઉભી થાય છે. આથી આવા અને અન્ય કામો માટે બહારથી સ્થળાંતર કરી માણસો આવે છે. જેમ કે ઘરકામ માટે ગાંધીનગરમાં વર્ષોથી રાજસ્થાનથી ઘરઘાટી (રામાઓ) આવે છે એ ઉપરાંત હવે ઉત્તર ગુજરાતના ગામોમાંથી ઘરકામ અર્થે

**વ્યવસાયના સ્થળે સપરિવાર વસવાટમાં કચ્છી પટેલો શિરમોર**

કામવાળા આવે છે જો કે ઘરકામમાં ગુજરાતના હોય તો મહિલાઓ જ હોય છે, કામવાળા નહીં પણ કામવાળી બહેનો એમ કહેવુ વધારે ઉચિત રહેશે. આ કામો ઉપરાંત સેવા વ્યવસાય માટે પણ અનેક સ્થળાંતરીત લોકો વધુ પ્રમાણમાં ગાંધીનગરમાં આવે છે.

ગાંધીનગર અને ગુજરાતના ઘર-મકાનો અને તેમાં રહેવા ઉપરાંતના અન્ય કોઈ ઉપયોગ બાબતના આંકડા આ સંદર્ભમાં જોવા રસપ્રદ છે. ગુજરાતમાં કુલ ૪ લાખ ૧૬,૮૦૬ મકાનો એવા છે કે જેનો ઉપયોગ રહેવા ઉપરાંત અન્ય રીતે પણ થાય છે. જેમ કે ઘરમાં રહેતા હોય ત્યાં ટ્યુશન ક્લાસીસ કે દવાખાનું પણ ચાલતું હોય કે લારી કે ફર્નીચર કે પ્રિન્ટીંગ પ્રેસ પણ ચાલતું હોય. ગ્રામીણ ગુજરાતમાં આવા મકાનોની સંખ્યા ૩ લાખ ૨૯,૬૭૨ અને શહેરી ગુજરાતમાં ૮૭,૧૩૪ છે. જેની સરખામણીએ ગાંધીનગરના ગ્રામીણ વિસ્તારમાં આવા ૧૯૦૫ મકાનો અને શહેરી વિસ્તારમાં ૧૭૨૧ મકાનો સેન્સસમાં નોંધાયેલા છે. ગાંધીનગર અને ગુજરાતના આંકડા પર દ્દષ્ટિપાત કરીએ તો ગ્રામીણ ગુજરાતમાં આવા ઘર મકાનો

● અનુસંધાન પાન-૭ પર

## ક્રેડીટ કાર્ડ ધારકોનો ડેટા ખરીદીને ક્લોનીંગ કરતી

# ઈન્ટરનેશનલ ગેંગનો સુત્રધાર ઝડપાયો

**ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચની સાયબર સેલને મળી મોટી સફળતા : ક્રેડીટ કાર્ડ ક્લોનીંગ કરી કલોલ, કર્ણાટક અને ચીનના નાગરીકોને ચુનો લગાડવા પ્રયત્નો કર્યા : ઈન્ટરનેશનલ પી.ઓ.એસ. મશીનમાં ક્લોનીંગ કરેલા કાર્ડ સ્વાઈપ કરી રૂપિયા ખંખેરતી આ ગેંગનું એપી સેન્ટર મુંબઈ..!**

ગાંધીનગર, તા. ૨૦




ક્રેડીટ કાર્ડ ધારકોનો ડેટા ખરીદીને ક્રેડીડ કાર્ડ ક્લોનીંગ કરી ઈન્ટરનેશનલ પી.ઓ.એસ. મશીનમાં સ્વાઈપ કરી રૂપિયા ખંખેરતી ઈન્ટરનેશનલ ગેંગનો સુત્રધાર ગાંધીનગર એલસીબીની સાયબર સેલના સકંજામાં આવી ગયો છે. ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે રહેતા એક વેપારીનું ક્રેડીટ કાર્ડ ક્લોનીંગ કરી આ ગેંગ દ્વારા રૂ. ૨.૦૭ લાખનો ચુનો લગાડવા પ્રયત્ન કરવામાં આવ્યો પરંતુ વેપારીની ક્રેડીટ લીમીટ ઓછી હોવાથી તેને અનસકસેસફુલ ટ્રાન્જેક્શનનો કોલ બેંક મારફતે આવતા જાણ થઈ ગઈ હતી. ગાંધીનગર સાયબરસેલને આ ફરિયાદ મળતા તેને ટ્રેક કરીને ઈન્ટરનેશનલ ગેંગના સુત્રધારને દબોચી લીધો છે. આ ફ્રોડ નેટવર્કનું એપી સેન્ટર મુંબઈ હોવાનું ખુલી રહ્યુ છે. તે ઉપરાંત આ ગેંગ દ્વારા કલોલ ઉપરાંત કર્ણાટક અને ચીનના ક્રેડીટકાર્ડ ધારકોને પણ ચુનો લગાડવા પ્રયત્નો થયા હોવાનું બહાર આવ્યું છે. સાયબર સેલે સુત્રધારની ધરપકડ કરી ઈન્ટરનેશનલ ગેંગના અન્ય સુત્રધારો અને આ ડેટા પ્રોવાઈડ કરવા મદદ કરી ગુનામાં મદદરૂપ થનાર બેંક કર્મીઓ સુધી પહોંચવા કવાયત શરૂ કરી છે.

કલોલ રહેતા અને મેડીકલ ઈક્વીપમેન્ટનો વ્યવસાય કરતા અનિલભાઈ શૈલેષભાઈ રાયચુરાને પોતાના ક્રેડીટકાર્ડ દ્વારા ઓવર લીમીટ એમાઉન્ટ નાંખી પીઓએસ મશીનમાં સ્વાઈપ કરવામાં આવી રહ્યુ હોવાની જાણ બેંકે કરતા તેમણે ગાંધીનગર સાયબર સેલમાં પોતાના ક્રેડીટકાર્ડ ક્લોનીંગ અંગે ફરીયાદ કરી હતી. જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી અને એસપી વિજય પટેલના માર્ગદર્શન હેઠળ પી.આઈ. તરલ ભટ્ટ અને તેમની ટીમના પીએસઆઈ ડી.ડી. રહેવર, કોન્સ્ટેબલ જીતેન્દ્રસિંહ, રાજેન્દ્રસિંહ, સુરેન્દ્રસિંહ, ભવાનસિંહ અને દિપકસિંહે આ દિશામાં તપાસ શરૂ કરી દીધી હતી. વેપારીના ક્રેડીટ કાર્ડમાંથી થયેલા ટ્રાન્ઝેક્શનની ડીટેઈલ નીકાળી જે ઈન્ટરનેશનલ પી.ઓ.એસ. સ્વાઈપ મશીનમાં કાર્ડ વપરાયુ હતુ તેની વિગત કાઢી હતી. હેલી ઈન્ટરનેશનલથી રજીસ્ટર થયેલા આ મશીન મારફતે આ જ કાર્ડ સ્વાઈપ કરી રૂ. ૨.૦૭ લાખના ટ્રાન્જેક્શનનો પ્રયાસ થયો હતો. આ મશીન હેલી ઈન્ટરનેશનલનું હોવાથી તેની વિગતો કઢાવી તપાસ કરતા પારેખ ઈન્ટરનેશનલના પ્રોપરાઈટર સંજય પોપટલાલ પારેખ (રહે. ઘાટલોડીયા) વાપરતા હોવાનું ખુલતા તેમને ઉઠાવી ઊંડી પુછપરછ કરવામાં આવતા ઈન્ટરનેશનલ રેકેટનો પર્દાફાશ થયો છે. સંજય પારેખ ક્રેડીટ કાર્ડના ખોટા દસ્તાવેજ ઉભા કરી બેંકને ગેરમાર્ગે દોરી કાર્ડ ક્લોનીંગ કર્યા બાદ રૂપિયા ખંખેરવાના કાંડ કરતો હતો. ચીન, ઈઝરાયલ, કઝાકીસ્તાન જેવા દેશો તેમજ ભારત દેશના કર્ણાટક, ગુજરાત અને મહારાષ્ટ્રમાં બનાવટી ક્રેડીટ કાર્ડ આધારે કેવાયસી ઉભા કરી અસલ દસ્તાવેજનો ઉપયોગ કરી રૂપિયા ઉપાડતો હતો. ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં આ મામલે ગુનો દાખલ કરી સંજયની ધરપકડ કરી ઈન્ટરનેશનલ ગેંગને પકડવા પુછતાછ શરૂ કરવામાં આવી છે. કર્ણાટકના એક નાગરીક પાસેથી રૂ. ૨.૧૮ લાખની છેતરપીંડી આ જ મોડ્સ ઓપરેન્ડીથી થઈ હોવાનું પુછતાછમાં ખુલતા ગાંધીનગર સાયબર સેલે કર્ણાટક સાયબર સેલને જાણ કરી છે. કર્ણાટક પોલીસ પણ આ શખ્સને ટ્રાન્સફર વોરંટથી લેવા આવશે. તે ઉપરાંત ચીનના એક નાગરીક સાથે રૂ. ૧૪ લાખની

● અનુસંધાન પાન-૭ પર

### પત્નિને રઝળતી મુકી સુત્રધાર મુંબઈમાં બાર ડાન્સર સાથે રહે છે..!

પકડાયેલો ઈન્ટરનેશનલ ગેંગનો સુત્રધાર શોખીન હોવાનું જાણવા મળ્યુ છે. ચાર સંતાનોનો પિતા આ સુત્રધાર અમદાવાદ છોડીને મુંબઈ રહેવા જતો રહ્યો હતો. કદાચ આ છેલ્લો ફેરો અમદાવાદનો હશે અને પોલીસના હાથે ઝડપાઈ ગયો છે. હાલની પત્નિ સાથે છુટાછેડાની અરજી કરી આ શખ્સ મુંબઈમાં એક બાર ડાન્સર સાથે રહેવા લાગ્યો હોવાનું અને ઐયાસીમાં પૈસા વાપરતો હોવાનું પોલીસની પ્રાથમિક પુછપરછમાં જાણવા મળ્યું છે.

### શનિ ઉતર્યો એના એક દિવસ પહેલા તમે મને પકડી લીધો

આરોપીને મહારાજે કહ્યુ હતુ કે એક દિવસ સાચવી લેજે પછી તારે જલસા છે..! દર્શન કરવા મુંબઈથી ગુજરાત આવ્યો ને પોલીસને હાથ લાગી ગયો

ગાંધીનગર સાયબર સેલે આ ગેંગના સુત્રધારને પકડી પાડ્યો પછી આરોપીએ પોલીસને ખુલીને મનની વાત કહી કે મને એક મહારાજે કહ્યુ હતુ કે એક દિવસ સાચવી લેજે પછી તારે જલસા જ છે. તારો શનિ અત્યારે ભારે છે. જે એક દિવસ પછી ઉતરે છે. એ માટે જ શનિ મંદિરે દર્શન કરવા મુંબઈથી આ આરોપી ગુજરાત આવ્યો હતો. પરંતુ શનિ ઉતરે એ પહેલા જ સાયબર સેલે આ શખ્સને દબોચી લીધો હતો..!

### ક્રેડીટકાર્ડ ધારકોના પાસવર્ડ સાથેના ડેટા લાવી આપનાર ગેંગની શોધ

**સાયબરસેલે મુંબઈની આ ગેંગને પકડવા કવાયત આરંભી**

ઈન્ટરનેશનલ ગેંગના આ પકડાયેલા સુત્રધાર પાસેથી માહીતી મળી છે કે તેની સાથે મુંબઈની આખી ટેકનીકલ જાણકાર ગેંગ હતી. આ ગેંગને પકડવા ઉપરાંત જે ગેંગ ક્રેડીટ કાર્ડ ધારકોના પાસવર્ડ સાથેના ડેટા લાવી આપતી હતી તેની તપાસ કરવા સાયબર સેલ મુંબઈ જશે અને તેમાં પણ બેંકના કોઈ અધિકારીની સંડોવણી ખુલે તો નવાઈ નહી. તે ઉપરાંત સ્કીમર દ્વારા હોટલ, પેટ્રોલપંપ, એટીએમના સ્વાઈપ મશીનની મદદથી ડેટા ચોરી કરાયા હોવાની પણ આશંકા છે તે અંગે ઝીણવટભરી પુછપરછ શરૂ કરવામાં આવી છે.

### મોટા ટ્રાન્ઝેક્શન માટે બેંકમાં બોગસ કે.વાય.સી. પણ કરી નાંખ્યા..!

**બેંક અધિકારીની સંડોવણી ખુલશે તો તેની સામે પણ ગુનો નોંધાશે**

ક્રેડીટ કાર્ડ ક્લોનીંગ કરીને મોટા ટ્રાન્ઝેક્શન માટે આ ગેંગે બેંકમાં બોગસ કે.વાય.સી. પણ કરી નાંખ્યા હોવાનું ખુલ્યુ છે. બેંકના અધિકારી કર્મચારીઓની સંડોવણી વગર આ કામ શક્ય નથી. જે અનુસંધાને સાયબર સેલે આરોપીની કોલ ડિટેઈલ નિકાળીને તેના સંપર્કમાં કોઈ બેંક અધિકારી હતુ કે કેમ ? તે અંગે પણ તપાસ શરૂ કરી છે. જો કોઈ સંપર્કમાં હશે તો તેવા બેંક અધિકારી સામે પણ ગુનો દાખલ કરી કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ એએસપી વિજય પટેલે જણાવ્યું છે.

# ગાંધીનગરમાં ગરમીનો આકરો મિજાજ : પારો ૪૩ ડિગ્રીએ

**છેલ્લા ૧૫ દિવસથી મહત્તમ તાપમાન ૪૦ ડી ગ્રીને પાર રહેતા સતત હીટવેવથી નગરજનો ત્રાહીમામ**

ગાંધીનગર તા ૨૦

બે દિવસ પુર્વે સર્જાયેલા વાતાવરણ પલ્ટાના અંતે ગરમીનો



પારો એક ડીગ્રી ગગડયો હતો. જયારે આજે ફરી એકવાર ગરમીનો પારો ઉંચે ચઢતા મહત્તમ તાપમાન ૪૩ ડી ગ્રી એ પહોંચી ગયુ હતુ. છેલ્લા ઘણાં સમયથી ગરમીનો પારો ૪૨ ડી ગ્રીથી નીચે ઉતરતો ન હોવાના લીધે વાતાવરણમાં સતત હીટવેવની અસર વર્તાઈ રહી છે. આકરી ગરમીના લીધે નગરજનો તોબા પોકારી ગયા છે. સતત આકરી ગરમીના લીધે શહેરનુ જનજીવન પણ પ્રભાવિત થયુ છે. બપોરન સમયે નગરજનો ઘરની બહાર નિકળવાનુ પસંદ કરતા નથી.

ગાંધીનગરમાં ગરમીની મોસમ આકરા મુડમાં છે. રોજબરોજ ગરમીના પારની ચઢઉતર વચ્ચે નગરજનો અસહ્ય તાપમાં શેકાઈ રહયા છે. ગરમીનો પારો સતત ચઢતો રહેતા છેલ્લા ૧૫ દિવસથી ગરમીનો મિજાજ આકરો રહયો છે. મહત્તમ તાપમાન ૪૨ ડી ગ્રીથી નીચે ઉતરતુ નથી. જેના લીધે દિવસ દરમિયાન ગરમ લું ફુંકાય છે. બે દિવસ અગાઉ વાતાવરણ પલ્ટાના અંતે ધુળની આંધી ફુંકઈ હતી. નગરનુ વાતાવરણ ધુળિયુ બની ગયુ હતુ. જયારે વાદળિયા વાતાવરણ વચ્ચે ગરમીનો પારો પણ ગગડયો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## આવતીકાલે કોબા ખાતે ભગવાન મહાવીરને ભાલે થશે સૂર્ય તિલક

ગાંધીનગર, તા ૨૦

આજે સૂર્ય ઊર્જાની મહત્તા વધી રહી છે ત્યારે સૂર્યના પ્રત્યક્ષ ચમત્કાર જેવી ઘટના દર વર્ષે ૨૨મી મેના રોજ અમદાવાદ-ગાંધીનગર હાઈવે પર આવેલા મહાવીર જૈન આરાધના કેન્દ્ર-કોબાના દેરાસર ખાતે જોવા મળે છે. જે અંતર્ગત બપોરે ૨.૦૭ મિનિટે ભગવાન મહાવીર સ્વામીના ભાલે સૂર્ય તિલક થાય છે. આ નજારો અહીં વર્ષ-૧૯૮૭થી જોવા મળી રહ્યો છે.

આ અંગે આચાર્ય અરુણોદયસાગરસૂરીશ્વરજીએ જણાવ્યું કે આ કોઈ ચમત્કાર નથી પરંતુ શિલ્પ શાસ્ત્ર, ગણિત શાસ્ત્ર અને જયોતિષ શાસ્ત્રના સમન્વયથી બનતી ઘટના છે. રાષ્ટ્રસંત જૈનાચાર્ય પદ્મસાગરસૂરીશ્વરજીની પ્રેરણાથી ગણિતજ્ઞ અરવિંદસાગરજી મ.સા. અને અજયસાગરજી મ.સા.એ શિલ્પ-ગણિત અને જયોતિષ શાસ્ત્રના સમન્વયથી એવી રીતે આ દેરાસરનું નિર્માણ કરાવ્યું છે. જૈનચાર્ય કૈલાસસાગરસૂરીશ્વરજી મ.સા.ને અંતિમ સંસ્કાર આ દિવસે અને સમયે આપવામાં આવ્યા હતા. તેની સ્મૃતિ કાયમી રહે તે હેતુથી આ દિવસ અને સમય પસંદ કરવામાં આવ્યો છે.

તેમણે કહ્યું કે આ ઘટના થાય છે, તેનું કારણ છે કે સૂર્યની ગતિ નિશ્ર્વિત છે અને જયોતિષ શાસ્ત્ર મુજબ પણ સૂર્ય કયારેય વક્ર ગતિ નથી કરતો તે અનુસાર પણ ચોક્કસ સમયે એવી રીતે આ દેરાસરનું નિર્માણ થયું છે કે દર વર્ષે ૨૨મી મેના રોજ બપોરે ૨.૦૭ મિનિટે અહીં સૂર્ય તિલક થાય છે અને દેશભરમાંથી લોકો આ નજારો જોવા કોબા આવે છે. એક વાર એવું બન્યુ હતું કે, બપોરે વાદળ ઘેરાઈ ગયા હતા અને સૂર્ય દેખાતો બંધ થયો હતો. પણ, બપોરે ૨.૦૫ કલાકે વાદળ હટી ગયા અને સૂર્ય તિલક થયું. કદાચ આ વિશ્વનું એકમાત્ર જિનાલય કહી શકાય કે જ્યાં આ પ્રમાણે સૂર્ય તિલકનો નજારો જોવા મળે છે. સાથે જ આ અદ્ભુત ઘટના જીવનમાં યશ, કીર્તિ અને ઉન્નતિકારક બની રહે છે.

# જળસંચય અભિયાન જોવા કૈલાસનાથન રખિયાલ પહોંચ્યા

**તંત્રની કામગીરી અંગે સંતોષની લાગણી વ્યક્ત કરી : સરપંચે અભિયાનની મુદત વધારે હોવી જોઈએ તેવો આગ્રહ કર્યો**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં ચાલી રહેલા સુજલામ સુફલામ જળસંચય અભિયાનની રાજ્યના મુખ્યમંત્રીના કાર્યાલયમાં ફરજ બજાવતા કે. કૈલાસનાથન દહેગામ પહોંચ્યા હતા.

જિલ્લામાં જળસંચય અભિયાનની ધીમી કામગીરીએ સૌની ચર્ચાનો વિષય બની ઉભરી રહેલ છે. ત્યારે ગઈકાલે રાજ્યના મુખ્ય સચિવ જે.એન. સિંહ અને નાયબ મુખ્યપ્રધાન નીતિનભાઈ પટેલ જિલ્લામાં હતા. આજે કે. કૈલાસનાથન દહેગામમાં આવ્યા હતા.

દહેગામના રખિયાલ ખાતે તળાવ ઊંડુ કરવાની કામગીરી તેઓ કોઈને પણ કહ્યા કે સૂચવ્યા વગર તપાસવા માટે પહોંચી ગયા હતા. તેમની આ મુલાકાતની જાણકારી તંત્રને થઈ ત્યારે તંત્રના અધિકારીઓ દોડ્યા હતા.

કે. કૈલાસનાથન રખિયાલ પહોંચ્યા હતા અને તેમણે ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણને જાણ કરી હતી. તેઓ રખિયાલ પહોંચી ગયા હતા. જોકે તેમણે ચાલી રહેલી કામગીરીથી સંતોષ વ્યક્ત કર્યો હતો.

કૈલાસનાથન સમક્ષ ગામના સરપંચે એવી રજુઆત કરી હતી કે જળસંચય અભિયાન માટેની જે મુદત છે તે ઓછી છે જો થોડુક વહેલુ આરંભાયુ હોત તો લોકો માટે વધુ આશીર્વાદરૂપ બન્યુ હોત.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

હવે, શહેરની મધ્યમાં...
The Flavours of Gujarati Traditional Snacks, Sweets & Street Food at
bansari TRADITIONAL
ભાતીગળ ભોજનનો આસ્વાદ (A.C Restaurant)
MANAGED BY RUDRAKSH EVENT MANAGEMENT
Bansari Traditional
101, First Floor, Haveli Arcade, Near Hotel Fortune inn Haveli, Sector-11, Gandhinagar-382010. M. : 8871887150, M. : 8160053460

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com